 **Sp. C. S.** 108–2023

રજુ તારીખ :૧૨–૧૦–૨૦૨૩

દાખલ તારીખ:૧૨–૧૦–૨૦૨૩

ફેસલ તારીખ: ૧૨–૦૨–૨૦૨૬

| અવધિ | વર્ષ | માસ | દિન |
|---|---|---|---|
| | ૦૩ | ૦૦ | ૦૦ |

---

મહેરબાન ૩ જા એડી. સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.રાજકોટ.

---

સ્પે.દી.કેસ નં ૧૦૮/૨૦૨૩
જુના નંબર દિ.પ.અ.નં. ૧૯૦૩/૨૦૧૮
આંક– ૪૫

વાદી/અરજદાર: જયંતીલાલ રામજીભાઈ,
હિન્દુ, ઉ.વ.આ. ૭૦, ધંધો: વેપાર (મુસ ભઠ્ઠી),
રહેવાસી: ૪/૫ માસ્તર સોસાયટી,
ડો. રૂપારેલીયાના દવાખાના સામે, રાજકોટ

વિરૂધ્ધ

પ્રતિવાદી/સામાવાળા:ગુજરનાર ભાણજીભાઈ રામજીભાઈના વારસદાર દરજજે
(૧) પ્રવિણભાઈ ભાણીજીભાઈ પટેલ,
(૨) (પ્રકાશભાઈ ભાણજીભાઈ પટેલ) અવસાન પામેલ છે
તેના વારસદાર
(૨.૧) જયશ્રીબેન પ્રકાશભાઈ,
(૨.૨) મિતુલભાઈ પ્રકાશભાઈ,
(૨.૩) ધ્રુવીત પ્રકાશભાઈ,
(૩) સુરેશભાઈ ભાણજીભાઈ પટેલ,
તમામ રહેવાસી: '' સુર્ય પ્રકાશ નિવાસ'',
જયરાજ પ્લોટ શેરી નં. ૯,રાજકોટ

---

<u>વાદી તરફે વિ.વ.શ્રી કે.યુ.ભુપતાની</u>
<u>પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી પી.બી.મારૂ</u>

---

બાબત: ઈન્ડીયન સકશેન એકટ ૧૯૨૫ ની કલમ ૨૭૮ હેઠળ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ કોપી ઓફ ધ વીલ આપવા અંગે ગુજરનાર રામજીભાઈ ભવાનભાઈ તેમજ ગુજરનાર કરશનભાઈ રાજીભાઈનીલની રૂએ...

<u>–:: ઠરાવ :: –</u>

(૧) વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના અરજદાર / વાદી ગુજરનાર રામજીભાઈ ભવાનભાઈના પુત્ર થાય છે તેમજ ગુજરનાર કરશનભાઈ રામજીભાઈના નાના ભાઈ થાય છે. ગુજ. શ્રી રામજીભાઈ ભવાનભાઈ રાજકોટ મુકામે તારીખ ૩૦/૧૨/૧૯૭૬ ના રોજ અવસાન પામ્યા છે. ગુજ. ભાણજીભાઈ રામજીભાઈ પટેલના ધર્મપત્ની ગોદાવરીબેન ભાણજીભાઈ પટેલનુ તારીખ ૦૯/૦૩/૨૦૧૨ ના રોજ અવસાન પામેલ છે. ગુજ. શ્રી કરશનભાઈ રામજીભાઈ સુરત મુકામે તારીખ ૧૮/૦૬/૨૦૧૦ ના રોજ અવસાન પામ્યા છે. ગુજ. રામજીભાઈ ભવાનભાઈએ તેઓની હૈયાતી દરમ્યાન સાવધ અવસ્થામાં બે સાક્ષીઓની રૂબરૂમાં તારીખ ૨૨/૦૯/૧૯૭૬ ના રોજ વીલ કરેલ છે. સદરહું વીલમાં દર્શાવેલ મિલ્કતની વ્યવસ્થા થઈ ગયેલ છે, પરંતુ રાજકોટ શહેરમાં કેવડાવાડી શેરી નં. ૨૧ માં આવેલ મીલ્કત અંગે વીલ મુજબ વ્યવસ્થા થઈ શકેલ નથી. ગુજરનારશ્રી રામજીભાઈ ભવાનભાઈએ કરેલ વીલમાં પારા નં. ૩ માં દર્શાવેલ મિલ્કત એટલે કે કેવડાવાડી શેરી નં. ૨૧ માં જમીન ચો.વા.આ. ૫૦ ઉપર આવેલ મકાન / શેડ ગુજરનારના પુત્રોને સરખે હિસ્સે સોપવાનુ ઠરાવેલ છે અને તે રીતે ગુજરનાર રામજીભાઈ ભવાનભાઈના ત્રણેય સંતાનો અનુક્રમે (૧) ભાણજીભાઈ (૨) કરશનભાઈ (૩) જયંતીભાઈ જે ત્રણેય સોપી આપવાનુ ઠરાવેલ છે. ગુજરનારની મિલ્કત જે કેવડાવાડી શેરી નં. ૨૧ માં આવેલ

છે અને ગુજરનારે તેઓના વીલની રૂએ ત્રણેય પુત્રોને સોંપી આપવાનુ ઠરાવેલ છે તે મુજબ કરશનભાઈ રામજીભાઈને સદરહુ મિલ્કતમાં ૩૩.૩૩ ટકા હિસ્સો રહેલ છે અને તેથી શ્રી કરશનભાઈ રામજીભાઈએ તેઓની હૈયાતી દરમ્યાન પોતાના ૩૩.૩૩ ટકા હિસ્સા અંગે તારીખ ૨૩–૦૭–૧૯૯૮ ના રોજ વીલ કરેલ છે, જે નોંધણી ઓફીસમાં અનુક્રમ નં. ૮૧૧, તારીખ ૨૩–૦૭–૧૯૯૮ થી નોંધાયેલ છે. સદરહું વીલમાં જણાવ્યા મુજબ શ્રી કરશનભાઈએ તેઓના ૩૩.૩૩ ટકા હિસ્સો તેઓના નાનાભાઈ જયંતીભાઈ રામજીભાઈને સોંપી આપવાનુ ઠરાવેલ છે અને તે રીતે સદરહું મીલ્કત કે જે કેવડાવાડી શેરી નં. ૨૧ માં જમીન ચો.વા. ૫૦૦–૦૦ઉપર આવેલ છે તેમા શ્રી જયંતીભાઈનો એટલે કે હાલના અરજદાર/વાદીનો ૬૬.૬૬ ટકા હિસ્સો રહેલો છે. કરશનભાઈ સુરત મુકામે તારીખ ૧૮–૦૬–૨૦૧૦ ના રોજ અવસાન પામ્યા છે. ઉપર જણાવ્યા મુજબ કેવડાવાડી શેરી નં. ૨૧ માં આવેલ જમીન ચો.વા.આ. ૫૦૦ ઉપરની મિલ્કતમાં જયંતીભાઈને ૬૬.૬૬ ટકા હિસ્સો રહેલો છે, જયારે ગુજ. શ્રી ભાણજીભાઈ રામજીભાઈનો ૩૩.૩૩ ટકા હિસ્સો રહેલો છે. શ્રી ભાણજીભાઈ તારીખ ૩૦–૦૬–૧૯૮૬ ના રોજ અમદાવાદ મુકામે સીવીલ હોસ્પીટલમાં અવસાન પામેલ છે. ગુજ. શ્રી ભાણજીભાઈના વારસદારોએ હાલની અરજીમા અરજદાર તરીકે દાખલ થવા સંમતિ આપેલ નહી હોવાથી તેઓને એટલે કે ગુજ. ભાણજીભાઈના વારસદારોને સામાવાળા દરજ્જે જોડવામાં આવેલ છે. ગુજ. રામજીભાઈ ભવછાનભાઈના અન્ય વારસદાર (૧) શાંતાબેન ડોટરઓફ રામજીભાઈ વાઈફ ઓફ નાનુભાઈ ગજેરા (૨) લીલાવંતીબેન ડોટર ઓફ રામજીભાઈ વાઈફ ઓફ બચુભાઈ ડોબરીયા તથા ગુજ. કરશનભાઈ રામજીભાઈના વારસદાર (૧) નરેશભાઈ કરશનભાઈ (૨) નીતાબેન વા/ઓફ પ્રકાશભાઈ (૩) જયોત્સનાબેન વા/ઓફ વિઠૃલભાઈ નાગાણી (૪) શોભનાબેન વા/ઓફ હિતેષભાઈ પટેલ. ગુજરનાર રામજીભાઈ ભવાનભાઈના ધર્મ પત્ની મોતીબેન રામજીભાઈનુ તારીખ ૧૮–૦૧–૧૯૮૯ ના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે, તેવી તમામ રજુઆતો કરી અરજદાર/વાદી તરફે એવી

દાદ માંગેલ છે કે, ઈન્ડીયન સકેશન એકટ ૧૯૨૫ ની કલમ ૨૭૮ હેઠળ ગુજ. રામજીભાઈ ભવાનભાઈ તથા ગુજ. રશનભાઈ રામજીભાઈની મિલ્કત અંગે લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ વીલ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) સદર કામે અગાઉ દિ.પ.અ.નં. ૧૯૦૩/૨૦૧૮ થી દાખલ થયેલ હતી અને તે અરજી અનુંસધાને જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી તે સંદર્ભે આ કામે વાંધા રજુ થતા સદર દિ.પ.અ.નં. ૧૯૦૩/૨૦૧૮ ને સ્પે. દિવાની દાવા નં. ૧૦૮/૨૦૨૩ થી નવા નંબર આપવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાઓ તરફે આંક–૬ થી વાંધા રજુ રાખી મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, અરજદારની અરજી ખરી નથી. શુધ્ધ બુધ્ધી વિનાની હોય રદ થવાને પાત્ર છે. અરજદારે નામ. કોર્ટ સમક્ષ સત્ય હકીકતો છુપાવી મટીરીયલ ફેકટ સપ્રેસ કરેલ હોય જેથી અરજદારની અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારની અરજીનો મહદ અંશે ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, ખરી હકીકતે સદરહું મિલ્કત સંબંધે અગાઉ નામ. અદાલતમાં સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૯૮ કે જે કરશનભાઈ રામજીભાઈ તથા જયંતીભાઈ રામજીભાઈએ દાખલ જે દાવો સ્યુટ ફોર ડેકલેરેશન એન્ડ પાર્ટીશન એઝ પર વીલ દાખલ કરવામાં આવેલ. જે દાવો નામ. અદાલત દવાા તારીખ ૧૬/૦૨/૨૧૦ ના રોજ રદ કરવામાં આવેલ, જેમા નામ. અદાલતે રામજીભાઈ ભવાનભાઈ દવારા તારીખ ૨૨/૦૯/૧૯૭૬ ના રોજ કરવામાં આવેલ વીલ લીગલ, વેલીડ અને જેન્યુઅલ માનેલ નથી અને તેથી જ સદરહું દાવો રદ કરવામાં આવેલ જેમા પણ હાલની અરજીમાં જે મિલ્કત સંબંધે પ્રોબેટ મેળવવાની અરજી કરેલ છે તે મિલ્કતનો સમાવેશ થાય છે અને તે મિલ્કત સંબંધે વિજ્ઞાપન અને હિસ્સો મેળવવા અંગેનો દાવો કરેલ જે દાવો રદ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદરહું દાવા સામે કરશનભાઈ રામજીભાઈ તથા જયંતીભાઈ રામજીભાઈએ રાજકોટ મ્હે. ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં રે. દિવાની અપીલ નં. ૨૮/૨૦૧૦ દાખલ કરેલ જે અપીલ પણ નામ. અદાલત દવારા તારીખ

૩૦/૦૬/૨૦૧૬ ના રોજ રદ કરવામાં આવેલ છે. આમ આ સમગ્ર હકીકત જયંતીભાઈ રામજીભાઈ કે જેઓ આ પ્રોસીડીગ્સના પક્ષકાર હોય તેઓ જાણતા હોવા છતા આ સમગ્ર હકીકત પોતાની અરજીમાં છુપાવીને નામ. કોર્ટની પ્રક્રિયાનો ગેરલાભ લેવાના ઈરાદાથી હાલની અરજી કરેલ હોય જે રદ થવાને પાત્ર છે. જે પક્ષકાર નામ. અદાલત સમક્ષ મહત્વની અને સત્ય હકીકત છુપાવતો હોય નામ. કોર્ટને ગેરમાર્ગે દોરતો હોય, કોર્ટની પ્રક્રિયાનો ગેરલાભ લેવાના ઈરાદે મહત્વની અને સત્ય હકીકત છુપાવી નામ. કોર્ટ સમક્ષ અનકલીન હેન્ડેડ આવતો હોય તેવા પક્ષકાર કોઈ ઈકવીટેબલ રીલીફ માંગવા કે મેળવવા હકકદાર નથ, જે અંગેનો સિંધ્ધાત નામ. સુપ્રિમ કોર્ટે ૨૦૧૧(૨) સી.સી.સી. પાના નં. ૨૫૯ માં ઠરાવેલ છે તેમજ નામ. હાઈકોર્ટે પણ મટીરીયલ ફેકટ સપ્રેસ કરનાર પક્ષકાર કોઈ ઈકવીટેબલ રીલીફ માંગી શકે નહી તે અંગેના ઘણા સિંધ્ધાતો ઠેરવેલ છે જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૩) સદર કામે વાદી તરફે પોતાના કેસની હકીકતોના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

<u>મૌખીક પુરાવા</u>

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી/અરજદાર જયંતીલાલ રામજીભાઈનુ પુરાવાનુ સોગંદનામુ | ૧૦,૩૮ |
| ૨ | વીલના સાક્ષી બાબુલાલ ચનાભાઈનુ સોગંદનામુ | ૨૪ |

<u>દસ્તાવેજી પુરાવા</u>

| અ.નં. | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ગુજ. રામજીભાઈનો અવસાન નોંધનો દાખલો | ૨૫ |
| ૨ | ગુજ. કરશનભાઈ રામજીભાઈનો અવસાન નોંધનો દાખલો | ૨૬ |
| ૩ | ગુજ. રામજીભાઈ ભવાનભાઈનુ તારીખ ૨૨-૦૯-૭૬નુ વીલની ટ્રુ કોપી | ૨૮ |

| | | |
|---|---|---|
| ૪ | ગુજ. કરશનભાઈ રામજીભાઈના વીલ તારીખ ૨૩–૦૭–૯૮ના વીલની કોપી | ૨૭ |
| ૫ | ગુજ. મોતીબનેના અવસાન નોંધનો દાખલો | ૨૮ |
| ૬ | ગુજ. રામજીભાઈ ભવાનભાઈ જોગનો વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૦૭, તારીખ ૨૧–૦૨–૫૮ | ૨૯ |
| ૭ | ગુજ. રામજીભાઈના વીલના સાક્ષી બાબુલાલ કાનજીભાઈનુ સોગંદનામુ | ૩૦ |
| ૮ | ગુજ. કરશનભાઈ રામજીભાઈના વીલના સાક્ષી બાબુભાઈ ચનાભાઈનુ સોગંદનામુ | ૩૧ |
| ૯ | ગુજ. કરશનભાઈ રામજીભાઈના વીલના સાક્ષી રતીલાલ હંસરાજભાઈનુ સોગંદનામુ | ૩૨ |
| ૧૦ | પ્રોપર્ટી કાર્ડની ઝેરોલક્ષ નકલ | ૩૩ |

(૪) ઉપરોકત પુરાવો પુર્ણ થયા બાદ વાદી તરફે વધુ પુરાવો રજુ કરવો ન હોય તે મતલબની પુરાવો પુરો કર્યાની પુરશીશ આંક– ૫૬ થી રજુ રાખેલ છે.

(૫) સદર કામે પ્રતિવાદી તરફે આંક–૪૨ થી પ્રવિણભાઈ ભાણજીભાઈ પટેલનુ પુરાવાનુ સોગંદનામુ રજુ રાખી, આંક–૪૪ થી વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તે મતલબની પુરાવો પુરો કર્યાની પુરશીશ રજુ રાખેલ છે.

(૬) વાદી તરફે કોઈ હાજર ન હોય, કોઈ દલીલ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી વકીલશ્રી દવારા તેમને હર્ડ કહેલ છે, તે સિવાય વિશેષ દલીલ કરેલ નથી.

(૭) સદર દાવાના કામે આંક–૮ થી મુદ્દા ઘડેલ છે, જે મુદ્દાઓ નીચે મુજબ છે.

(1) Whether the applicant proves that applicant is entitled to get Letters of Administration with the copy of will of deceased Ramjibhai Bhvavnbhai and deceased Karsanbhai Ramjibhai ?

(2) Whether the objector entitled to get his prayed as mention in his objection below exh 6 ?

(3) What order ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમા

(૨) નકારમા

(૩) આખરી હુકમ મુજબ

–: <u>કારણો</u> :–

(૯) મુદ્દા નં. ૧ ની ચર્ચા:–

વાદીએ આંક–૧૦ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે, તેમને મહત્વનો પુરાવો જોવામાં આવે તો, ગુજ. રામજીભાઈ ભવાનભાઈ રાજકોટ મુકામે તારીખ ૩૦/૧૨/૧૯૭૬ ના રોજ અવસાન પામેલ છે. ગુજ. ભાણજીભાઈ રામજીભાઈ પટેલના ધર્મપત્ની ગોદાવરીબેન ભાણજીભાઈ પટેલનુ તારીખ ૦૯/૦૩/૨૦૧૨ ના રોજ અવસાન થયેલ છે. ગુજ. કરશનભાઈ રામજીભાઈ સુરત મુકામે તારીખ ૧૮/૦૬/૨૦૧૦ ના રોજ અવસાન પામેલ છે. રામજીભાઈ ભવાનભાઈએ તેમની હયાતી દરમ્યાન સાવધ અવસ્થામાં બે સાક્ષીઓની રૂબરૂમાં તારીખ ૨૨/૦૯/૧૯૭૬ ના રોજ વીલ કરેલ છે. વીલમાં દર્શાવેલ મિલ્કતની વ્યવસ્થા થઈ ગયેલ છે. રાજકોટ શહેરમાં કેવડાવાડી શેરી નં. ૨૧ માં આવેલ મિલ્કત વીલ મુજબ વ્યવસ્થા થયેલ નથી. રામજીભાઈ ભવાનભાઈએ કરેલ વીલમાં દર્શાવેલ કેવડાવાડી શેરી નં. ૨૧ મ્રાં જમીન ચો.વા. ૫૦૦–૦૦ ઉપર આવેલ મકાન ગુજરનારના પુત્રોને સરખે હિસ્સે સોંપી આપવાનુ ઠરાવેલ અને તે રીતે ગુજ. રામજીભાઈ ભવાનભાઈના ત્રણેય સંતાનો (૧) ભાણજીભાઈ (૨) કરશનભાઈ (૩) જયંતીભાઈને

સોંપી આપવાનુ ઠરાવેલ. કરશનભાઈ રામજીભાઈએ સદરહું મિલ્કતમાં ૩૩.૩૩% હિસ્સા અંગે તારીખ ૨૩/૦૭/૧૯૯૯ ના રોજ વીલ કરેલ છે,જેનુ નોંધણી અનુક્રમ નં. ૮૧૧, તારીખ ૨૩/૦૭/૧૯૯૮ થી નોંધાયેલ છે. વીલમાં જણાવ્યા મુજબ કરશનભાઈએ તેમનુ ૩૩.૩૩% નો હિસ્સો તેઓના નાનાભાઈ જયંતીભાઈ રામજીભાઈને સોંપી આપવાનુ ઠરાવેલ છે. કેવડાવાડી શેરી નં. ૧ માં આવેલ જમીનમાં જયંતીભાઈ એટલે કે હાલના અરજદારનો ૬૬.૬૬% હિસ્સો રહેલ છે.

ઉલટતપાસ::-

રામજીભાઈ ભવાનભાઈ મારા પિતા થાય છે. કરશનભાઈ રામજીભાઈ મારા મોટાભાઈ થાય છે. મે હાલની અરજી વાંચીને કરેલ છે. મે હાલ નામ. કોર્ટમાં જે મિલ્કત સીંબંધેની પ્રોબેટ મેળવવાની અરજી કરેલ છે તે સંબંધે અગાઉ સીવીલ કોર્ટમાં દાવો કરેલો. મે. નામ. કોર્ટમાં વીલની રૂએ પાર્ટીશન મેળવવાનો દાવો કરેલ હતો. આ દાવામાં અમારા વકીલશ્રીએ જરૂરી પુરાવા રજુ કરેલ ન હોય તેથી આ દાવો રદ કરવામાં આવેલ. આ દાવો રદ થયેલ તેની સામે અમોએ ડી.કોર્ટમાં અપીલ દાખલ કરેલી. આ અપીલમાં બંને પક્ષકારોના એડવોકેટ હાજર ન હોય જેથી આ અપીલ રદ કરવામાં આવેલ. આ અપીલ કયારે રદ કરવામાં આવેલ તે મને હાલ યાદ નથી. અપીલ અને દાવાના નંબર ઘણો સમય થઈ ગયેલ એટલે હાલ મને યાદ નથી. કોર્ટના ઓર્ડરમાં બને પક્ષકારોના વકીલશ્રી ગેરહાજર રહેતા અપીલ કાઢી નાંખવામાં આવેલ છે તેવો ઉલ્લેખ કોર્ટના ઓર્ડર માં થયેલ છે. અમોએ ડી. કોર્ટમાં રે. દિવાની અપીલ નંબર ૨૮/૨૦૧૦ દાખલ કરેલી તે અપીલ પાંચમાં એડી. ડિસ્ટ્રિકટ જજ રાજકોટ દવારા તારીખ ૩૦-૦૬-૨૦૧૬ ના રોજ આ અપીલ ડી.ડી. કરવામાં આવેલી, જે હુકમની નકલ મને બતાવવામાં આવે છે તે અમોએ કરેલ અપીલના હુકમની નકલ છે. હુ ૧૨ સાયન્સ સુધી ભણેલ છુ. મને જે હુકમની નકલ બતાવવામાં આવે છે તેમા બંને પક્ષકારોના એડવોકેટ ગેરહાજર રહેતા અપીલ કાઢી નાંખવામાં આવેલ તેવો ઉલ્લેખ નથી પરંતુ અમોએ જે નકલ મેળવેલ છે તેમા આવો ઉલ્લેખ થયેલ છે.

એ વાત ખરી છે કે, મે આ અગાઉ નામ. કોર્ટમાં પાર્ટીશન સંબંધેનો જે દાવો કરેલ તે દાવો રદ થયેલ તેનુ જજમેન્ટ અને હુકમનામુ તથા અમોએ જે અપીલ કરેલ તે અપીલના હુકમની કોઈ નકલ આ કામે રજુ કરેલ નથી. હું હાલ આ જજમેન્ટ અને હુકમનામાની નકલ તથા ડી. કોર્ટના હુકમની નકલ રજુ કરવા તૈયાર નથી. હું આવતી મુદતે રજુ કરવા તૈયાર છુ. જે હું ૧૫ થી ૨૦ દિવસમાં રજુ કરવા તૈયાર છુ.

એ વાત ખરી છે કે, મે નામ. કોર્ટ સમક્ષ હાલનો જે દાવો કરેલ છે તે દાવામાં આજે જે દસ્તાવેજો રજુ કરેલ તેમાં સ્પે. દિવાની દાવા નં. ૧૭૮/૧૯૯૮ ના જજમેન્ટ અને હુકમનામાની તેમજ તે સંબંધે જે અમોએ રે. દિવાની અપીલ નં. ૨૮/૨૦૧૦ દાખલ કરેલ તે સંબંધે કોઈ હકીકત મે આ દાવામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે જે સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૧૯૯૮ દાખલ કરેલ તનેમા દાવાવાળી મિલ્કત સંબંધે ડેકલેરેશન અને પાર્ટીશનનો દાવો કરેલ હતો. એ વાત ખરી છે કે, આ દાવો નામ. કોર્ટે નામંજુર કરેલ છે. એ વાત ખરી છે કે, સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૧૯૯૮ ના કામમાં જે જજમેન્ટ અને હુકમનામુ આવેલ તેની કોઈ લીગાલીટી મે આજદિન સુધી દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે, સદરહું દાવા અન્વયે જે રે. દિવાની અપીલ નં. ૨૮/૨૦૧૦ દાખલ કરેલ તે અપીલ અન્વયે કોઈ લીટીગેશન નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચેલેન્જર કરેલ નથી. એ વાત ખરી છે કે, હાલના દાવામાં જે મિલ્કતનુ પ્રોબેટ મેળવવા માટેની અરજી કરેલ તે મિલ્કત સંબંધેની હકીકત મે અગાઉ કરેલ સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૧૯૯૮ માં જણાવેલ છે.

એ વાત ખરી નથી કે, અમારા હાલના દાવાને નોનજોઈન્ડર નેસેસરી પાર્ટીનો બાધ નડે છે. એ વાત ખરી નથી કે, જે વિષય વસ્તુ અને તકરાર અન્વયે અગાઉ નામ. અદાલતે સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૯૮ ના કામમાં નિર્ણય કરી આપેલ હોય તે હકીકત છુપાવીને ફરીથી તેમજ વિષયવસ્તુ અને તકરાર અન્વયે હાલનો દાવો કરેલ છે.

વાદીએ માર્ક ૧૮/૨ થી રે. દિવાની અપીલ નં. ૨૮/૨૦૧૦ અને તેના ઉપર થયેલ હુકમની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આ અપીલ એપેલેન્ટની ગેરહાજરીના કારણે રદ કરવામાં આવેલ છે.

(૧૦) વાદી જયંતીલાલ રામજીભાઈ પટેલ દવા। આંક–૩૮ થી વધારાનુ પુરાવાનુ સોગંદનામુ રજુ રાખી જણાવેલ છે કે, ગુજ. રામજીભાઈ ભવાનભાઈ મારા પિતાશ્રી થાય. તેઓ તારીખ ૩૦/૧૨/૧૯૭૬ ના રાજકોટ મુકામે મારી સાથે રહેતા હતા, દરમ્યાન અવસાન પામેલ છે. મે આ દાવાના કામે આંક–૩૪ થી મારા પિતાશ્રી રામજીભાઈ ભવાનભાઈના આખરી વીલની ખરી નકલ (ટ્રુ કોપી) અસલ રજુ કરેલ છે. તે અસલ વીલ સુરતના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરીને તેની ખરીનકલના સહી સિકકા કરાવેલ હતા. અસલ વીલ મારા મોટાભાઈ કરશનભાઈ રામજીભાઈ પાસે રાખેલ. આ કરશનભાઈ રામજીભાઈ સુરત રહેતા હતા અને દાવાવાળી મિલ્કતનો તમામ વહીવટ તેઓ સંભાળતા હતા. મારા મોટાભાઈ કરશનભાઈ રામજીભાઈ સુરત મુકામે તારીખ ૧૮/૦૬/૨૦૧૦ ના રોજ અવસાન પામેલ છે, તે પહેલા મે તેઓની પાસે અમારા પિતા ગુ. રામજીભાઈ ભવાનભાઈએ કરી આપેલ અસલ વીલની માંગણી કરતા તેઓએ મને આંક–૩૪ વાળી ખરીનકલ મને આપેલ. તે વખતે તેઓએ મને કહેલ કે અસલ વીલ કયાંક ગુમ થઈ ગયેલ છે તેની શોધખોળ માટે અનેક પ્રયત્નો કરવા છતા મળી આવતુ નથી. તે સંજોગોમાં મે આ દાવામ્ર તેની ખરી નકલ રજુ કરેલ છે. આંક–૩૪ ના વીલમાં સાક્ષી તરીકે સહી કરનાર છગનલાલ હેમંતરામ તારીખ ૦૯/૦૩/૨૦૨૨ ના રોજ અવસાન પામ્યા છે. તેઓના પત્ની હયાત નથી. તેના સં તાન વારસોની તપાસ કરતા મને મળી આવેલ નથી. આંક–૩૪ ના વીલમાં સાક્ષી તરીકે સહી કરનાર બીજા બાબુલાલ કાનજીભાઈ કોરોનામાં તારીખ ૧૭/૧૧/૨૦૨૦ ના રોજ અવસાન પામ્યા છે. તેઓનુ મરણ પ્રમાણપત્ર આંક–૩૦ ના સોગંદનામા સાથે આ દાવામાં રજુ રાખેલ છે. તારીખ ૦૭/૧૧/૨૦૧૭ ના રોજ નોટરી રૂબરૂ આંક–૩૦ નુ સોગં દનામુ તેઓએ કરી આપેલ હતુ.

(૧૧) વાદીના પુરાવાની ચર્ચા વંચાણે લેતા વાદીએ હાલના દાવામા જે દસ્તાવેજો રજુ કરેલ તેમાં સ્પે. દિવાની દાવા નં. ૧૭૮/૧૯૯૮ ના જજમેન્ટ અને હુકમનામાની તેમજ તે સંબંધે રે. દિવાની અપીલ નં. ૨૮/૨૦૧૦ દાખલ કરેલ તે સંબંધે કોઈ હકીકત આ દાવામાં જણાવેલ નથી. વાદીએ જે સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૧૯૯૮ દાખલ કરેલ તેમા દાવાવાળી મિલ્કત સંબંધે ડેકલેરેશન અને પાર્ટીશનનો દાવો કરેલ હતો જે કોર્ટે નામંજુર કરેલ છે. સદરહું દાવા અન્વયે જે રે. દિવાની અપીલ નં. ૨૮/૨૦૧૦ દાખલ કરેલ તે અપીલ અન્વયે કોઈ લીટીગેશન નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચેલેન્જર કરેલ નથી. હાલના દાવામાં જે મિલ્કતનુ પ્રોબેટ મેળવવા માટેની અરજી કરેલ તે મિલ્કત સંબંધેની હકીકત મે અગાઉ કરેલ સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૧૯૯૮ માં જણાવેલ છે. આમ વાદીના સ્વીકારથી વાદીએ કોર્ટ પાસે મહત્વની હકીકત છુપાવેલી છે. તેમજ વાદી આંક ૩૮ થી વધારાનુ સોગંધનામુ રજુ કરેલ છે પરંતુ વાદી ત્યારબાદ વધુ ઉલટતપાસ માટે હાજર રહયા નથી. વાદી દવારા આ દાવાના કામે કોઈ અસલ વીલ રજુ કરવામા આવેલ નથી.

(૧૨) વીલના સાક્ષી બાબુલાલ ચનાભાઈનુ આંક–૨૪ થી સોગંદનામુ રજુ રાખી જણાવેલ છે કે, ગુજ. કરશનભાઈ રામજીભાઈ પટેલને હું ઓળખતો હતો. ગુજ. કરશનભાઈ રામજીભાઈ સુરત મુકામે તારીખ ૧૮/૦૬/૨૦૧૦ ના રોજ અવસાન પામ્યા છે. ગુજ. કરશનભાઈ રામજીભાઈ પટેલે તેઓની હૈયાતી દરમયાન સાવધ અવસ્થામાં તારીખ ૨૩/૦૭/૧૯૯૮ ના રોજ વીલ કરેલ છે. ગુજરનારે તેઓની હૈયાતી દરમ્યાન સાવધ અવસ્થામાં હાથથી વીલ કરેલ અને ત્યારબાદ સદરહું હાથના લખાણવાળુ વીલનુ ટાઈપ કરવામાં આવેલ. સદરહુ ટાઈપ કરેલ વીલ ગુજ. કરશનભાઈ રામજીભાઈ પટેલે જાતે વાંચેલ અને તેમજ અમો સાક્ષી પૈકી રતીલાલ હંસરાજભાઈ પાસે વંચાવેલ તેમજ સદરહુ ટાઈપ કરેલ વીલ તેઓની ઈચ્છા મુજબ બરાબર છે તેની ખાત્રી કર્યા બાદ મારી તથા અન્ય સાક્ષી

રતીલાલ હંસરાજભાઈ રંગાણી (પટેલ) ની હાજરીમાં સદરહું વીલમાં ગુજ. કરશનભાઈ રામજીભાઈ પટેલે સહી કરેલ તેમજ સદરહું વીલમાં ગુજરનારની સહી પ્રથમ સાક્ષી દરજ્જે રતીલાલ હંસરાજભાઈ રંગાણી એટલે કે આર.એચ.પટેલ એ ગુજરનારની તથા અન્ય સાક્ષી બાબુલાલ ચનાભાઈની એટલે કે મારી હાજરીમાં સહી કરેલ તેમજ મારી સાક્ષી દરજ્જે સહી થયા પછી અન્ય સાક્ષી રતીલાલ હંસરાજભાઈ રંગાણીએ ગુજરનારની તથા મારી હાજરીમાં સદરહું વીલમાં સહી કરેલ. ગુજ. સદહું વીલ સબ–રજીસ્ટ્રાર ઓફીસમાં ૧ નંબરની બુકના ૮૧૧, તારીખ ૨૩/૦૭/૧૯૯૮ થી નોંધાયેલ છે.

ઉલટતપાસ::– હું ધોરણ દસ સુધી ભણેલ છુ. મારે હાર્ડવેરનુ કારખાનુ છે. હુ કરશનભાઈ પરીવારને ઓળખતો નથી. માત્ર કરશનભાઈને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, મે સી.ઓ.સી. પાસે આવી તૈયાર સોંગદનામામાં સહી કરેલી છે. એ વાત ખરી છે કે, આંક–૨૭ ના વીલમાં સાક્ષી તરીકે માત્ર નામ અને સરનામુ લખેલ છે તેમા કોઈ સહી આવેલ નથી. હું જેન્તીભાઈના હિસાબે કરશનભાઈને ઓળખુ છુ. એ વાતની મને ખબર નથી કે કરશનભાઈને પેરાલીસીસ આવેલ હોય તેથી તેઓ આંક–૨૭ વાળુ વીલ કરેલ કે કેમ. એ વાત ખરી છે કે, જેન્તીભાઈએ દાવાની તારીખ છે અને મારે જુબાની આપવા કોર્ટમાં આવવાનુ તેથી હું કોર્ટમાં આવેલ છુ. મને જેન્તીભાઈએ અગાઉ ભાઈઓ ભાઈએ વચ્ચે લીટીગેશન થયેલ અને તેમજ ચુકાદો આવી ગયેલ છે તેવી કોઈ જાણ મને કરેલ નથી. એ વાત ખરી નથી કે, જેન્તીભાઈના કહેવાથી તેઓને મદદ કરવા માટે જુબાની આપવા આવેલ છુ.

(૧૩) પ્રતિવાદી તરફે પ્રવિણભાઈ ભાણજીભાઈ નાઓએ આંક–૪૨ થી પુરાવાનુ સોગંદનામુ રજુ રાખી જણાવેલ છે કે, આ કામના અરજદારે અમો સામાવાળાઓ વિરૂધ્ધ હાલની જે અરજી દાખલ કરેલ છે તેનો વિગતવાર પ્રત્યુતર અમો સામાવાળાએ નામ. કોર્ટ સમક્ષ આંક–૬ થી

આપેલ છે. આ કામના અરજદારે મહત્વની અને સત્ય હકીકત છુપાવી નામ. કોર્ટ સમક્ષ છુપાવેલ હોય જેથી પણ અરજદારની અરજી રદ થવાને પાત્ર છે. અરજદારે નામ.કોર્ટ સમક્ષ જે વિષયવસ્તુ અને તકરાર અન્વયે હાલની અરજી કરેલ છે તેમા વીલની રૂએ ૬૬.૬૬% હિસ્સો આવેલ હોવાની હકીકત નામ. અદાલત સમક્ષ ખોટી જણાવેલ હોય જેથી તેનો ઈનકાર કરવામાં આવે છે. આ કામના અરજદારે પોતાની અરજીમાં આ અગાઉ નામ. અદાલત સમક્ષ સ્પે. દિવાની કેસ નં. ૧૭૮/૧૯૯૮ નો દાવો સ્યુટ ફોર ડેકલેરેશન એન્ડ પાર્ટીશન અન્વયે કરેલ જે દાવો નામ. અદાલત દવારા રદ કરવામાં આવેલ હતા તેમા પણ નામ. અદાલતે રાજીભાઈ ભવાનભાઈ દવારા કરવામાં આવેલ તારીખ ૨૨/૦૯/૧૯૭૬ નુ વીલ લીગલ, જેન્યુઅન, વેલીડ માનેલ નથી અને તેની પણ અપીલ પણ રે. દિ. અપીલ નં . ૨૮/૧૦ દાલ કરેલ, જે અપીલ પણ રદ કરવામાં આવેલ. આમ આ સમગ્ર હકીકત છુપાવેલ હોય જેથી કાયદા મુજબ અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૧૪) ઉપરોકત તમામ પુરાવાની ચર્ચા વંચાણે લેતા વાદી દવારા આ દાવાના કામે અસલ વીલ રજુ થયેલ નથી. વાદી પોતે વધારાની સ્તરપાસ આંક ૩૮ થી રજુ કર્યા બાદ ઉલટતપાસ માટે હાજર ન રહેતા વાદીનો પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.વાદીએ આજ મિલકત સબંધે અગાઉ દાવો કરેલ છે અને જે રદ કરવામા આવેલ છે.તેની સામે વછાદીએ કરેલ અપીલ પણ રદ કરેલી છે. આ તમામ હકીકત વાદીએ તેમની અરજીમા જણાવેલી નથી. તેથી વાદી સ્વ. રામજીભાઈ ભવાનભાઈ અને સ્વ. કરશનભાઈ રામજીભાઈની મીલકત અંગે લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ વીલ મેળવવા હકદાર નથી અને પ્રતિવાદી તેમના દાવા જવાબમા જણાવેલ બચાવ માની શકાય તેવો બચાવ રજુ કરેલ છે તેથી મુદદા નંબર ૧નો જવાબ નકારમા અને મુદદા નંબર ૨ નો જવાબ હકારમા આપી, મુદા નં ૩ અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:::– આખરી હુકમ :::–

૧. વાદીની દાવા અરજી નામંજુર કરવામા આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

૩. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા. ૧૨ માંહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૨/૨૦૨૬
સ્થળ: રાજકોટ.

(મનેષકુમાર મોહનલાલ શુકલ)
૩ જા અધિક સીનીયર સીવીલ જજ,
(UIC No.GJ01090)
રાજકોટ.

0